ક્રમાંક/મશબ/ગ/મ.ફેરફાર/૨૧૩૩-૫૩
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર ૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૦/૧૨/૯૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- મકાન/સ્થળ ફેરફાર કરવા બાબત.......

જયભારત સહ જણાવવાનું કે આગામી જુન-૯૭ થી મકાન/સ્થળ ફેરફાર કરવા ઇચ્છતી સંસ્થાઓએ તેમની દરખાસ્તો બોર્ડે નિયત કરેલા ફોર્મમાં નિયત ફી સહિત તા. ૨૮/૨/૯૭ સુધીમાં બોર્ડની કચેરીને મળી રહે તેમ મોકલવાની રહેશે. અને તેની બીજી (જિ.શિ.ની) નકલ જિ.શિ.ને મોકલવાની રહેશે.

મકાન/સ્થળ ફેરફાર અંગેની નિયત ફોર્મનું વેચાણ તા. ૨/૧૨/૯૬થી ચાલુ છે. દરખાસ્ત ફોર્મની કિંમત રુ.૩૦૦/- છે. અને દરખાસ્ત ફી રુ. ૨૦૦૦/- છે. જે. ડિમાન્ડ ડ્રાફ્ટથી અથવા કચેરીના સમયે રુબરુમાં ભરી શકાશે.

મકાન/સ્થળ ફેર અંગેના ધોરણો આ અગાઉના તા.૬/૧૦/૯૫ નાં પત્ર ક્રમાંક /મશબ/ગ/જનરલ/મ.સ્થળ ફેરફાર/૭૫૧૭-૯૬ ની સાથે સામેલ કરેલ ધોરણો અનુસાર રહેશે.

ભાડાના મકાનમાંથી સંસ્થાના પોતાના મકાનમાં શાળા ફેર થતો હોય તેવા કિસ્સામાં જો મકાન બાંધકામ ચાલુ હોય અથવા ચાલુ કરાનાર હોય તેમજ સમગ્ર બાંધકામ મે-૯૭ સુધીમાં પુરુ થશે તેવી ખાત્રી સંસ્થાને હોય અને તે પ્રમાણેનું સક્ષામ અધિકારીનુ પ્રમાણપત્ર મેળવનાર હોય તે સંસ્થાઓએ પણ ઉપરોકત નિયત મુદત તા. ૨૮/૨/૯૭ સુધીમાંજ દરખાસ્ત મોકલવાની રહેશે.

ઉપરોકત આપના જિલ્લાની નોંધાયેલ મા.શાળાઓના ધ્યાન પર લાવી તેનો ચૂસ્તપણે અમલ કરવા સૂચના આપવા વિનંતી છે.

દરખાસ્ત પત્રની એક નકલ સંસ્થા તરફથી આપને મળેથી તે અન્વયે આપની થX સ્થળ તપાસ X અહેવાલ/અભિપ્રાય બને તેટલી ઝડપે અત્રે મોકલી આપવાનુ રાખશોજી.

સહી.
(આર.સી.રાવલ)

સચિવ,
ગુજરાત માધ્ય.શિ.
બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાક:માધ્ય/ખ-૬/૯૬-૯૭/૯૮૧૫-૯૯૬૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
વઢવાણનો ઉતારો,
રાજકોટ. તા.૧૭/૧૨/૯૬

પ્રતિ,
આચાર્ય/આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્ય/ઉચ્ચ.માધ્ય.
શાળાઓ રાજકોટ જિલ્લો, રાજકોટ.

નકલ જાણ તથા અમલાર્થે

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ.

ભટ્ટ૨૧૧૨૯૬'